શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ તેની ચાર બ્રાન્ચ છે. સુરેન્દ્રનગર અંધ દીકરીઓ તથા મંદ બુદ્ધિ તથા દિવ્યાંગ દીકરીઓ તથા મોટી ઉંમરની અંધ બહેનોને અમો વિનામૂલ્ય સાચવીએ છીએ અને દીકરીઓને કેળવણી આપીને તથા ઘરકામ તથા સંગીત અને કમ્પ્યુટર કોર્સ કરાવીને તથા તેઓને બી.એ., બી. એડ. કરાવીએ છીએ અને લગ્ન બાદ તેની ડિલિવરી પણ અમારી સંસ્થામાં થાય છે. અને લગ્ન પછી તેઓને વિનામૂલ્ય મોરબીમાં ફ્લેટ પણ આપીએ છીએ. અમારી મોરબીની સંસ્થામાં ૧૩૫ અંધ દીકરાઓને વર્કિંગ બોયઝ હૉસ્ટેલમાં રાખીને તેઓને કામે લગાડીએ છીએ અને તેઓના સંપૂર્ણ ખર્ચ લૉજીંગ, બોર્ડિંગ, ટ્રાન્સપોર્ટ તથા મેડિસીન આ બધા વિનામૂલ્ય આપવામાં આવે છે. ઉમરગામમાં પણ ૧૮૦ અંધ છોકરાઓ અમારી સંસ્થામાં વર્કિંગ બોયઝ હૉસ્ટેલમાં રહે છે અને તેઓને અમો બહારથી કામ લાવીને કામ આપીએ છીએ અને એક છોકરો લગભગ ૯,૦૦૦ રૂપિયા કમાય છે પણ તેઓને બધું ખર્ચ લૉજીંગ, બોર્ડિંગ, ટ્રાન્સપોર્ટ તથા મેડિસીન વિનામૂલ્ય આપવામાં આવે છે.

અમદાવાદની અંદર ૧૮૦ છોકરાઓને ઉચ્ચ શિક્ષણ આપવા માટે અમોએ હૉસ્ટેલ બનાવી છે અને ત્યા પણ લૉજીંગ, બોર્ડીંગ, ટ્રાન્સપોર્ટ તથા મેડિસીન વિનામૂલ્ય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં લગભગ ૨૪૦ અંધ દીકરીઓના લગ્ન અંધ મુરતિયા સાથે કરવામાં આવેલ છે. અત્યારે સંસ્થા લગભગ ૮૦૦ ભાઈ-બહેનોને સાચવે છે. આની નોંધ આપણા ભૂતપૂર્વ પ્રેસિડન્ટ શ્રી રામનાથ કોવિંદે પદ્મશ્રી ઈલ્કાબ આપીને જૉઈન્ટ સેશન પાર્લામેન્ટમાં તેઓએ મુક્તાબેન ડગલીની સેવાની નોંધ લીધેલ છે. હજી પણ અમો પાંચમી સંસ્થા અમદાવાદ સરખેજ માં જમીન મળી ગઈ છે અને થોડા સમયમાં અમો બાંધકામ ચાલુ કરીશું. આવી રીતે આ સંસ્થા હિન્દુસ્તાનમાં જ નહીં પણ દુનિયાની અંદર એક વિશેષ સંસ્થા ગણવામાં આવે છે. જ્યાં અંધ દીકરી તથા દીકરાઓ તથા અંધ બહેનોની વિનામૂલ્ય સારામાં સારી રીતે સેવા આપવામાં આવે છે.



ગુજરાત ના ભૂતપૂર્વ ચીફ મિનિસ્ટર
માનનીય શ્રી વિજય રૂપાણીસાહેબ અંધ કપલને
આશીર્વાદ આપે છે અને કન્યાદાન આપે છે



ભારતના વડાપ્રધાન શ્રીયુત નરેન્દ્ર મોદી
પદ્મશ્રી મુક્તાબેન ડગલી સાથે વાર્તાલાપ કરે છે



ગુજરાતના ભૂતપૂર્વ ચીફ મિનિસ્ટર માનનીય નરેન્દ્ર
મોદી મુક્તાબેન ડગલીને ગુજરાત ગૌરવ એવોર્ડ આપે છે.



ભારતના વડાપ્રધાન શ્રીયુત નરેન્દ્ર મોદી
પદ્મશ્રી મુક્તાબેન ડગલીને શાલ અર્પણ કરીને
તેમનું બહુમાન કરે છે



ભારતના માનનીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી
૧૧-૦૩-૨૦૧૯ ના પદ્મશ્રી એવોર્ડ
શ્રીમતી મુક્તાબેન ડગલીને અર્પણ કરેલ છે.




જી આઈ સી ના ચેરમેન માનનીય દિવ્યેશભાઈ
ઉમરગામની સંસ્થામાં અંધ ભાઈને સંબોધિત કરે છે.

# શ્રી ઠાકરશી ડાયાલાલ નારીચાણીયા દેરાવાસી જૈન વાટીકા

## સમાજરત્ન શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર અતિથિ ગૃહ

દરબાર ગઢ, મોતી ચોક, વઢવાણ શહેર
મો. નં. : ૭૯૮૪૩ ૨૫૦૭૪

શ્રી આદિનાથાયદાદા નમઃ

અષાઢ સુદ - ૯ ને મંગળવાર
તા. ૨૭/૦૬/૨૦૨૩

પ્રતિ,
સુશ્રાવકશ્રી
મુંબઈ.

## અપીલ....અપીલ....અપીલ....

મુરબ્બીશ્રી,

જય જીનેન્દ્ર સાથ જણાવવાનું કે, દેરાવાસી જૈન વાટિકા શ્રી ઠાકરશી ડાયાલાલ નારીચાણીયા પરિવાર અને સમાજરત્ન શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર પરિવાર ના મુખ્ય સહયોગ થી બનાવવામાં આવેલ છે આ જૈન વાટિકા સંવત ૨૦૪૨ ના વર્ષમાં બનાવેલ છે અને જૈન વાટિકા ને બનાવ્યાને ૩૭ વર્ષ થયેલ છે.

આપશ્રી નો જન્મ જે પવિત્ર ધરતી ઉપર મહાવીર સ્વામી ના પગલા આવેલ છે તેવી અતિ પ્રાચીન વર્ધમાનપૂરીનગરી છે આપશ્રી નો રેફરન્સ અમારા વડીલ મુ. શ્રી નવીનભાઈ અમૃતલાલ મણીયારે આપેલ છે.

વઢવાણ શહેરમાં શ્રી આદિનાથદાદા તેમજ વડીલોની પરમકૃપાના કારણે સંવત ૨૦૭૯ નું ચાતુર્માસ વઢવાણ શહેર ના પનોતા પુત્ર અને આજીવન આયંબિલ તપના આરાધક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હેમવલ્લભસુરીશ્વરજી મ.સા., તથા આદિઠાણા તેમજ પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ કલાપૂર્ણસુરિશ્વરજી મહારાજ સાહેબ (કચ્છ-વાગડ) સમુદાયના તેમજ વઢવાણ શહેરની પનોતી પુત્રી ૧૦૦ + ૧૦૦ + ૧૦૦ + ૬૮ ઓળી ના આરાધક, ઉગ્રતપસ્વી આરાધિકા પરમ પૂજ્ય હંસકીર્તિશ્રીજી મ.સા. આદિઠાણાનું પ્રાપ્ત થયેલ છે તે અમારા માટે એક સ્વપ્ન સમાન અને વઢવાણ જૈન સંઘનું અહોભાગ્ય છે.

જૈન વાટિકા વાડી બનાવ્યા પછી કોઈ મોટો ખર્ચ કરવામાં આવેલ નથી....

હાલ બે મોટા મહાત્માઆએનું ચાતુર્માસ નક્કી થવાથી ચાતુર્માસ સમયે ચાતુર્માસ કરવા બહાર ગામથી આવતા ભાગ્યશાળીઓ ને તેમજ ધાર્મિક અનુષ્ઠાન કરવા માટે આવતા ભાગ્યશાળીઓ ને રહેવા ઉતારવા માટે વાડીનું રીનોવેશન કરાવવું પડે તેમ છે. તેમાં સંપૂર્ણ બિલ્ડીંગનું કલર કામ, ઈલેક્ટ્રીક ફીટીંગ તથા અન્ય જરૂરી રીપેરીંગ કામ કરાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે તેમજ નવા સ્ટીલ ના ટેબલ ૧૦૦ અને પ્લાસ્ટિક ખુરશી ૨૦૦ ખરીદવાની છે તેનો અંદાજીત ખર્ચ આશરે ૧૧ લાખ રૂપિયા છે.

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી રાજરત્નસુરીશ્વરજી મ.સા. ની શુભ પ્રેરણા થી ધર્મ કૃપા ટ્રસ્ટ વડોદરા તરફથી જૈન વાટિકાના ૬ રૂમ માં એ.સી. લગાડવાના અને ફર્નીચર માટે રૂ. ૭.૫૦ લાખ જેવું માતબર દાન મળેલ છે.

આપશ્રી નું જન્મ સ્થળ અને ૪૦૦ વર્ષ થી વધુ વર્ષનું અતિ પ્રાચીન શ્રી શામળા પાર્શ્વનાથ જિનાલય, હમણાં જ જેના ૨૫૦ વર્ષ ઉજવ્યા હતા તે અતિ પ્રાચીન શ્રી આદિનાથ જિનાલય, ૭૫ વર્ષ થી વધુ પ્રાચીન શ્રી શાંતિનાથ જિનાલય અને શ્રી શિતલનાથ જિનાલય અને ભોગવા નદી કાંઠે આવેલ શ્રી મહાવીર સ્વામી દેરી જે વર્ધમાનપૂરી ની ધન્યધરા ઉપર આપશ્રી આપના સહપરિવાર સાથે પધારવા વઢવાણ જૈન સંઘ ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.

આપશ્રી ના પરિવાર તરફથી ધાર્મિક, સામાજીક, જીવદયા તેમજ તીર્થો માં સુંદર કાર્યો કરી રહ્યા છો ત્યારે વતન ને અને આપની જન્મભૂમિ ને યાદ કરીને વઢવાણ જૈન વાટિકાના રીનોવેશન ના કાર્યમાં આર્થિક સહયોગ આપવા નમ્ર અપીલ જૈન વાટિકા ના ટ્રસ્ટીગણ કરે છે.

આપશ્રી ના સહકાર અપેક્ષા સહ....

આભારસહ....

આપનો વિશ્વાસુ
ભુપેન્દ્ર ચંદુલાલ શાહ
ભુપેન્દ્ર સી. શાહ (ભવાનીવાળા)
મંત્રીશ્રી

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ

આપણા શ્રી સંઘ દ્વારા આગામી ફેબ્રુઆરી માસમાં એવોર્ડ / સન્માન અને સ્નેહ મિલન સમારંભનું આયોજન કરેલ છે જેની કેટલીક વિગતો ગતાંક માં જણાવેલ છે.

વિશેષ વિગતમાં જે કોઇ સમાજ અગ્રગણ્ય શ્રેષ્ઠીવર્ય દાનવીને એવોર્ડ આપવા માટેની ભલામણ વ્યકિતગત રૂપે કે મંડળ દ્વારા કરી શકો છે જે વ્યકિત વિશેષ પ્રતિભા શ્રેષ્ઠીએ ઝાલાવાડમાં છેલ્લા ૨૫ થી ૩૦ વર્ષમાં તન – મન અને ધનથી યોગદાન આપેલ હોય તેની વિગતવાર માહિતી જયુરીને મોકલી આપવાની રહેશે અને તે વિગતોના આધારે જયુરી સભ્યો યોગ્ય વ્યકિતને યોગ્ય એવોર્ડ આપવાનું નક્કી કરી શકે.

કારોબારી કમિટીમાં નક્કી કર્યા પ્રમાણે જે શ્રેષ્ઠીને સમાજ રત્ન કે સમાજ ગૌરવ એવોર્ડ થી સન્માનીત કરવામાં આવશે તે એવોર્ડ આપ્યા ના દશ વર્ષ સુધી આ એવોર્ડ આપી શકાશે નહીં એટલે કે દશ વર્ષ પછી આપી શકાશે અને અન્ય એવોર્ડ જેવા કે લાઇફ ટાઇમ એચીવમેંટ, લાઇફ ટાઇમ એપ્રીએશન વગેરે ત્રણ વર્ષ સુધી આપી શકાશે નહીં એટલેકે દર ત્રણ વર્ષ પછી આ એવોર્ડ સમાજની સેવા ભાવી કે શ્રેષ્ઠી ને આપી શકાશે.

આ વિશીષ્ટ એવોર્ડ આપવા માટેની સંપૂર્ણ સત્તા જયુરીના સભ્યોનેજ આપવામાં આવેલ છે, તેઓજ આવેલ ભલામણ કે નોમીનેશન કરેલ નામો યોગ્યતા – લાયકાત અને સમાજમાં આપેલ યોગદાન વિષે ચોક્કસ ધોરણના આધારે નક્કી કરશે.

ફરી એક વખત જે સભ્યશ્રીએ છેલ્લા ૨૫ કે તેથી વધારે વર્ષો દરમ્યાન પ્રગતી, વિકાશ અને ઉત્કર્ષ ના કાર્યો તન – મન અને ધનથી યોગદાન આપેલ હોય તેવા સભ્યોના નામની ભલામણ / વિનંતી ફક્ત જયુરીનેજ મોકલવાની રહેશે જેમાં સભ્યશ્રીનું નામ / સરનામું / મોબાઇલ નંબર, મોટા આર્થિક યોગદાન શ્રી સંઘ / મંડળ / ફાઉન્ડેશન / ઝેડ.બી.એફ. અને ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટમાં સેવા આપી હોય તે દરેક વર્ષ પ્રમાણેની વિગતો મોકલી આપવાની રહેશે.

**જયુરી સભ્યો :** શ્રી રસીકલાલ નાગરદાસ કોઠારી, શ્રી મુગટભાઇ માણેકલાલ શાહ
શ્રી મહેન્દ્રભાઇ રસીકલાલ કામદાર, શ્રી પ્રકાશભાઇ રસીકલાલ શાહ

**ખાસ નોંધ**


ભલામણ પત્ર તા. ૩૦/૦૯/૨૦૨૩ શનિવાર સુધીમાં ફક્ત લેખીતમાંજ મોકલવાની રહેશે.

**ભલામણ પત્ર મોકલવા માટે**

શ્રી મહેન્દ્રભાઇ આર. કામદાર
૫૦૨, લાભ શ્રધ્ધા એપાર્ટમેન્ટ,૩૬, બાપટીસ્ટા રોડ, રેલ્વે સ્ટેશન સામે,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઇ – ૪૦૦૦૫૬.

# ચાતુર્માસ ધાર્મિક પવિત્ર દિવસોએ...પર્યુષણ પર્વએ...
# અબોલ જીવોને શાતા આપવા, જીવદયા ક્ષેત્રનું શ્રેષ્ઠ કર્તવ્ય નિભાવી ધન્ય બનીએ

## જીવદયાપ્રેમીઓને માનવરત્ન મધુભાઈ શાહની હાર્દિક અપીલ...નમ્ર વિનંતી...



**શ્રી મધુભાઈ શાહ**

મનુષ્ય જીવનનાં શ્રેષ્ઠ કર્તવ્યો થકી જીવન સાર્થક બને છે. ધન્ય બને છે. ચાતુર્માસ ધાર્મિક દિવસો, પર્યુષણ પર્વમાં સુકૃત્યો - શ્રેષ્ઠ કર્તવ્યોનો વિશેષરૂપે ઉલ્લેખ રહેલો છે. જૈન ધર્મમાં તો કરવા જેવા સુકૃત્યો કર્તવ્યોનો મહિમા રહેલો છે. પર્યુષણ પર્વમાં જૈનો હંમેશા જીવદયા ક્ષેત્રે ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે રકમ લખાવી સારામાં સારી રકમનું યોગદાન આપતા હોય છે. શ્રેષ્ઠ કર્મો થકી શ્રેષ્ઠ જીવન પ્રાપ્ત થાય છે.

**ન જાણ્યું જાનકીએ કાલે શું થવાનું છે !**

લક્ષ્મી પુણ્યથી મળે છે. જો ફક્ત મહેનતથી જ મળતી હોય તો બધા મજૂરો પાસે કેમ નથી ? બુધ્ધીથી જ મળતી હોય તો બધા બુધ્ધીશાળીઓ પાસે કેમ નથી ? જીવનમાં સારા સંતાનો, સારો પરિવાર, સુખ, સંપત્તિ, શાંતિ, સ્વસ્થ જીવન કે સફળતા પુણ્યથી પ્રાપ્ત થાય છે. જો આપણે ઈચ્છતા હોઈએ કે આપણો આ ભવ અને આવતા ભવો સુખમય રહે, ઉત્કૃષ્ટ ધર્મ પામીએ, સદ્‌ગતિ પામીએ તો પુણ્ય ઉપાર્જિત શ્રેષ્ઠ કર્મો કરવા આવશ્યક છે. હાલ ચાતુર્માસ ધાર્મિક પર્યુષણ પર્વનાં પવિત્ર દિવસોએ શ્રેષ્ઠ સુકૃત્ય - શ્રેષ્ઠ કર્તવ્ય રૂપે પુણ્યનું ભાથું બાંધવા, અબોલ જીવોને શાતા આપવા આજે આપણને જીવદયા ક્ષેત્રેની એક ઉમદા તક પ્રાપ્ત થઈ રહી છે. આજે પુણ્યનું ભાથું બાંધવા માટે મળી રહેલી આ તકને ઝડપી લઈને શ્રેષ્ઠ સુકૃત્ય - શ્રેષ્ઠ કર્તવ્ય કરી જીવન ધન્ય બનાવીએ.

**જૈનોની કુળદેવી છે ''જીવદયા''**

**અમે તો ''ખોબો'' ભરીને માગ્યું હતુ**
**પ્રભુ તમોએ કૃપા વરસાવી આપી દિધો ''સંમદર''**

**''જીવો અને જીવવા દો'' સાથે દરેક જીવો શાતા પામો** એ જૈનોની ઉદાત ભાવના રહેલી છે. પશુ પક્ષીઓની સાર, સંભાળ, શ્રુષા સાથે તેઓ શાતા પામે, સારી રીતે રહેવાની - આશ્રયની વ્યવસ્થા એટલે પાંજરાપોળ. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી બધી જ પાંજરાપોળોમાં સૌથી મોટી અને સૌરાષ્ટ્રની સૌથી જુની એવી વઢવાણ મહાજન પાંજરાપોળ લગભગ ૨૫૦ વર્ષ જુની વઢવાણ અને ખાખરાખળ વીડ (થાન પાસે) વિશાળ પાંજરાપોળ છે. લગભગ ૪૦૦૦થી વધુ પશુઓને આશ્રય આપતી આ પાંજરાપોળમાં ગમે ત્યારે, ગમે તે સમયે કોઈપણ પશુ પક્ષીને રાખવાની ના નથી પાડવામાં આવતી. કોઈપણ પશુ અહિયા આવ્યા પછી કુદરતી મૃત્યુ થાય ત્યાં સુધી તેની સાર સંભાળ અહી લેવામાં આવે છે. વઢવાણ પાંજરાપોળમાં પશુ દવાખાનામાં કાર્યકરો, ડોકટર અને તેમના મદદનીશ અને સહાયકો પશુઓની ખૂબ જ તકેદારી રાખી સારી ટ્રીટમેન્ટ કરતા હોય છે. આ **પશુ ચિકિત્સાલયમાં પાંજરાપોળનાં પશુઓ, અન્ય પાંજરાપોળનાં પશુઓ, આજુબાજુ વિસ્તારનાં પશુઓ, તેમજ બિનવારસી પશુઓની સારવાર વિના મુલ્યે** કરવામાં આવે છે. વૃધ્ધ, નિર્બળ, બિમાર કે ઘાયલ પશુઓની પીડા, વેદના જોતા આંખમાં આંસુ આવી જાય છે.

**અબોલ જીવોની દુઆ લ્યો દવાની જરૂર નહિ પડે**

આ પાંજરાપોળને વધુ સારી સગવડતા - સુવિધાયુક્ત, અદ્યતન આધુનીક ટેકનોલોજી સાથે નવીનીકરણ કરવા સાથે બનાવવાની પહેલ રૂપે એક ઉમદા અભિયાન શરૂ કરેલ છે. **જીવદયા માટે જો આપણે કાંઈ નહિ કરીએ તો આ અબોલ જીવોની સાર સંભાળ કોણ કરશે !!!** સમગ્ર જીવ સૃષ્ટિમાં દુર્લભ એવો માનવ ભવ આપણને મળ્યો - જૈન કૂળ મળ્યું, સાથો સાથ સંપતિ મળી છે. **આ ઉમદા સત્કાર્ય આ ભવમાં નહિ કરીએ તો આ માનવ અવતારનો ફેરો ફોગટ જશે. આ ભવ નકામો જશે.** મનુષ્યને અકસ્માત કે બિમારીમાં સુવિધાથી સજ્જ તથા અદ્યતન સુવિધાયુકત

સારી હોસ્પીટલ મળે, તબીબી સારવાર મળે. ઘાયલ અને બિમારીથી પીડાતા પશુઓની વેદના જોઈ ત્યારે થયુ કે મનુષ્યને મળતી આવી બધીજ સગવડતા અબોલ જીવો માટે ઉભી કરીશું તો તેઓને ખૂબ જ સારી શાતા મળશે. આ માટે આપનાં ખૂબ જ ઉમદા સાથ, સહકાર સાથે યોગદાન, સહયોગની અંતરભાવે અપેક્ષા રાખીએ છીએ.

**મનુષ્ય ભવનું સર્વોત્તમ કામ ''જીવદયા''**

અબોલ જીવોનાં ઉજળા પુણ્યોદયે સુરેન્દ્રનગર, અમદાવાદ, મુંબઈ વગેરે શહેરોમાંથી જીવદયા પ્રેમીઓનાં ઉત્કૃષ્ટ યોગદાન - સહયોગ મળી રહયાં છે. આપ યોગદાન આપવા ઈચ્છતા હોય કે આપને કાંઈ જાણકારી, માહિતી જોઈતી હોય તો **વઢવાણ મિત્ર મંડળ મુંબઈ(શ્રી જવાહરભાઈ મણીયાર, મો. ૯૮૬૯૨૧૪૮૬૬)નો સંપર્ક કરી શકો છો.** આપ નાનામાં નાની રકમ પણ આપી શકો છો. **આપની નાનામાં નાની રકમ પણ અબોલ જીવોને શાતા આપવા ઘણી જ મુલ્યવાન બની રહે છે.**આપણે નાનામાં નાની વ્યક્તિની નજીવી રકમથી લઈને, સુખી પરિવારોની સારી માતબર રકમનાં યોગદાનથી એક સમૃધ્ધ મોટું ફંડ ઉભું કરીને વઢવાણ પાંજરાપોળને આપવા સાથે આ પાંજરાપોળને નવીનીકરણ કરીને અંત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ સુવિધાયુક્ત બનાવીને અબોલ જીવોને શાતા આપીએ. આપણે સૌ સાથે આ ચાતુર્માસ ધાર્મિક દિવસો, પર્યુષણ પર્વમાં **સામુહિક પુણ્ય ઉપાર્જન** બાંધવાની અમુલ્ય તકને ઝડપી લઈએ.

જીવદયાપ્રેમીઓ ઈશ્વરે આપણને ખૂબ જ સુખ સમૃધ્ધિ આપ્યા છે. પુણ્યનું ભાથું બાંધવાની આ ઉત્તમ તક છે. આપ સૌને વિનમ્ર ભાવે, સહૃદયે બે હાથ જોડવા સાથે વિનંતી છે કે જીવદયાનાં આ કાર્ય માટે ખૂબ જ ઉદારભાવે મન મૂકીને દાનની ગંગા વહેવડાવજો.

**લી.**

**મધુભાઈ ન્યાલચંદ શાહ** **જવાહરભાઈ વ્રજલાલ મણીયાર**

**SHREE WADHWAN MAHAJAN PANJARAPOLE**
**OUR BANKER`S**
BANK OF INDIA - SURENDRANAGAR A/c. No. 209010100003731 IFSC CODE: BKID0002090
AXIS BANK - SURENDRANAGAR A/c. No.326010100013518 IFSC CODE: UTIB0000326
શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળને આપેલ દાન ઈન્ડિયન ઈન્કમટેક્સની કલમ ૮૦-જી નીચે કરમુક્ત છે. આ ટ્રસ્ટ CSR રજીસ્ટર છે.

**શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ,** એમ. જી. રોડ, સુરેન્દ્રનગર, શાખા નં.:- ૧ પાંજરાપોળ વઢવાણ, શાખા નં.:- ૨ ખાખરાથળ વીડ

**: સંપર્ક :**

| | | |
|---|---|---|
| જવાહરભાઈ મણીયાર ૯૮૬૯૨૧૪૮૬૬ | ચંદુભાઈ સંઘવી ૯૮૬૯૩૫૦૫૭૬ | પરેશભાઈ શાહ ૯૮૨૪૪૮૪૬૨૯ |
| પરેશભાઈ મહેતા ૯૮૨૦૦૬૩૦૫૫ | મહેન્દ્રભાઈ શાહ ૯૩૨૪૨૮૩૫૬૨ | ભરતભાઈ મઠીયા ૯૪૨૮૪૭૫૭૧૩ |
| રાજેશભાઈ વોરા ૯૯૩૦૩૨૮૦૯૦ | નરેન્દ્રભાઈ ગાંધી ૯૮૨૦૦૭૬૪૬૦ | ઉપેન્દ્રભાઈ શાહ ૯૮૬૯૩૬૧૪૧૧ |


**સૌજન્ય: શ્રી વઢવાણ મિત્ર મંડળ - મુંબઈ અને શ્રી વર્ધમાનપૂરી વેલફેર ટ્રસ્ટ**

## શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળમાં પશુઓની સારવાર, સાર સંભાળની તસ્વીરી ઝલકો



# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન - મુંબઈ

## વર્ષ ૨૦૨૩ થી વર્ષ ૨૦૨૬ ના પદાધિકારીઓ




સમાજરત્ન ચીનુભાઈ હિંમતલાલ શાહ
ચેરમેન એમીરેટસ્




વિનોદભાઈ તારાચંદ શેઠ
ચેરમેન



દિલીપભાઈ ખીમચંદ શાહ
આ. પી. ચેરમેન




હર્ષદભાઈ દીપચંદ શાહ
વાઈસ ચેરમેન




મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ
વાઈસ ચેરમેન



જીતેન્દ્રભાઈ શાંતિલાલ કોઠારી
સેક્રેટરી જનરલ



જયેન્દ્રભાઈ હરિલાલ શાહ
મંત્રી



કેતનભાઈ અરવીંદભાઈ શાહ
મંત્રી



કિરણભાઈ કાંતિલાલ શાહ
ખજાનચી



કમલેશભાઈ જયંતભાઈ શાહ
સહ ખજાનચી

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ફાઉન્ડેશન - મુંબઈ

**: પ્રેરક દાતા :**

**સમાજરત્ન શ્રેષ્ઠીવર્ય શ્રી અમૃતલાલ પોપટલાલ મણીયાર પરિવાર**

**: સૌજન્ય દાતા :**

**શ્રીમતી શ્રીલેખાબેન અનંતરાય શાંતિલાલ શાહ પરિવાર**

**: આધારસ્તંભ :**

**સમાજરત્નશ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ - શ્રી વિનોદરાય તારાચંદ શેઠ - શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ**

### : સાધર્મિક સહાય વિભાગ :

શ્રી શૈલેષભાઈ વિનુભાઈ ઉમેદચંદ શાહ
શ્રી મનીષભાઈ કિરીટભાઈ રતનશી શાહ

**: મની ઓર્ડર સહાય :**

માતુશ્રી લલીતાબેન તારાચંદ પોપટલાલ શેઠ
શ્રી શરદભાઈ કિરીટભાઈ વ્રજલાલ બાબરિયા

**: ભગીની સહાય :**

શ્રીમતી શારદાબેન ચંદુલાલ ચત્રભુજ પટવા
શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ મોહનલાલ શાહ

**: સ્વરોજગાર લોન સહાય :**

શ્રી પરાગભાઈ દિલીપભાઈ ખીમચંદ શાહ
શ્રી જયંતીભાઈ અને ભુપતભાઈ જીવણલાલ શેઠ

### : કેળવણી સહાય વિભાગ :

શ્રીમતી તારાબેન ધીરજલાલ મોહનલાલ શાહ
શ્રીમતી ઈન્દુમતીબેન જયંતભાઈ માધવલાલ શાહ.

**: ટેકનીકલ કેળવણી સહાય :**

શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ
માતુશ્રી કમળાબેન દીપચંદ શાહ પરિવાર

**: ઉચ્ચ (મેડીકલ) કેળવણી સહાય યોજના :**

શ્રીમતી અંજુલાબેન રમણીકલાલ ઉમેદચંદ શાહ
માતુશ્રી પુષ્પાબેન ચંદુલાલ મનસુખલાલ શાહ

### : મેડીકલ સહાય વિભાગ :

**: તબીબી સહાય વિભાગ :**

શ્રીમતી સવિતાબેન ચીનુભાઈ છગનલાલ શાહ
સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ

**: મેડીકલેઈમ સહાયક યોજના :**

માતુશ્રી મંજુલાબેન ભાઈલાલ રતીલાલ શાહ
માતુશ્રી કમળાબેન કાંતિલાલ મણીલાલ શાહ

**: મેડીકલ કેમોથેરેપી સહાય :**

શ્રી અશ્વિનભાઈ તારાચંદ પોપટલાલ શેઠ
શ્રીમતી મુક્તાબેન નવીનભાઈ અમૃતલાલ મણીયાર

**: મેડીકલ ડાયાલીસિસ સહાય :**

શ્રી યોગેન-રંજનબેન રસિકલાલ પ્રેમચંદ શાહ
શ્રીમતી અનિલાબેન બટુકભાઈ પોપટલાલ શાહ

**: મેડીકલ કાર્ડિયાક સહાય :**

શ્રીમતી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ
શ્રીમતી બકુલાબેન વિરેન્દ્રભાઈ જયંતીલાલ કોઠારી

## શ્રી આપણા જૈન શ્વે. મૂ.પૂ. ફાઉન્ડેશન – મુંબઈ
## વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૬ મેનેજીંગ કમિટી સભ્યો

| નં. | કમિટી સભ્યો |
|---|---|
| ૧ | સમાજરત્નશ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ |
| ૨ | શ્રી રસિકલાલ અમૃતલાલ મણીયાર |
| ૩ | શ્રી નવીનભાઈ અમૃતલાલ મણીયાર |
| ૪ | શ્રી વિપુલભાઈ રમેશચંદ્ર શાહ |
| ૫ | શ્રી ધર્મેશભાઈ અશ્વિનભાઈ શાહ |
| ૬ | શ્રી કુણાલભાઈ મહેન્દ્રભાઈ કામદાર |
| ૭ | શ્રી મનીષભાઈ કિરીટભાઈ શાહ |
| ૮ | શ્રી કમલેશભાઈ ચીનુભાઈ શાહ |
| ૯ | શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ |
| ૧૦ | શ્રી હસમુખભાઈ તારાચંદ શેઠ. |
| ૧૧ | શ્રી જતીનભાઈ પ્રવિણચંદ્ર શાહ |
| ૧૨ | શ્રી રાજેશભાઈ તારાચંદ શેઠ |
| ૧૩ | શ્રી વિજયભાઈ નવીનચંદ્ર મણીયાર |
| ૧૪ | શ્રી વિરેન્દ્રભાઈ જયંતીલાલ કોઠારી |
| ૧૫ | શ્રી રૂપેશભાઈ દિલીપભાઈ શાહ |
| ૧૬ | શ્રી નેમીષભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| ૧૭ | શ્રી બીપીનભાઈ રતિલાલ વોરા |
| ૧૮ | શ્રી હરેનભાઈ ચંદુલાલ શાહ |
| ૧૯ | શ્રી રાજેશભાઈ ચીનુભાઈ શાહ |
| ૨૦ | શ્રી ધર્મેશભાઈ ચીનુભાઈ શાહ |
| ૨૧ | શ્રી હર્ષદભાઈ ખીમચંદ શાહ |
| ૨૨ | શ્રી રાજીવભાઈ ગુણવંતભાઈ શાહ |
| ૨૩ | શ્રી સિદ્ધાર્થભાઈ મનસુખલાલ દોશી |
| ૨૪ | શ્રી મુગટભાઈ માણેકલાલ શાહ |
| ૨૫ | શ્રી પિયુષભાઇ કાન્તિલાલ શાહ |
| ૨૬ | શ્રી ધીરુભાઈ રતિલાલ સંઘવી |
| ૨૭ | શ્રી હરીશભાઈ ન્યાલચંદ શાહ |
| ૨૮ | શ્રી કેતનભાઈ જયંતીલાલ ઝવેરી |
| ૨૯ | શ્રી દીપકભાઈ ગુલાબચંદ ગાંધી |
| ૩૦ | શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ |
| | **સંઘ પ્રતિનિધિ** |
| ૩૧ | શ્રી પ્રકાશભાઈ રસિકલાલ શાહ |
| ૩૨ | શ્રી ગીરીશભાઈ કાન્તિલાલ શાહ |
| ૩૩ | શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ |

# પર્વાધિરાજ પર્યુષણ બાહ્ય ઉત્સવનું નહિ, અંતર મોજનું પર્વ છે

પર્યુષણનો અર્થ છે સમસ્ત પ્રકારે વસવું એટલે કે સાધુજનોનો ઉદેશીને ચોમાસાના ચાર મહિના એકજ સ્થળે સ્થિર વસવાટ કરીને ધર્મની આરાધના કરવી, પરંતુ પયુર્ષણનો લાક્ષણિક અર્થ છે આત્માની સમીપ વસવું, આત્માને જીતવા માટે એ આત્માને જાણવો જરૂરી બને છે. એ આત્મતત્ત્વને જોવા માટે એકાંત અને શાંતિ જોઈએ બાહ્ય પ્રવૃતિથી નિવૃતિ કરવી જોઈએ.

આત્માની સમીપ રહેવું એટલે શું ? અનંતકાળથી આત્મા મોહ અને મિથ્યાત્વમાં અથવા કષાય અને વાસનામાં જ વસતો આવ્યો. પોતાના સ્વભાવને ભૂલીને વિભાવને જ નિજ સ્વરૂપ માની બેઠો છે. પરિણામે માનવી પારાવાર પીડા, દુઃખ, કંકાસ અને ક્લેશમાં ડૂબેલો છે. ભૌતિક લાલસાના મૃગજળ તરફ આંધળી દોટ લગાવી રહ્યો છે.

પર્યુષણ વર્ષાઋતુમાં આવે છે. ત્યારે જમીન ચોખ્ખી બની ગઈ હોય છે, નદીમાંથી મલીનતા ઓસરી ગઈ હોય છે. સફર માટે સાગર અનુકુળ હોય એમ આખ્ખી પ્રકૃતિ જ્યારે શુધ્ધ હોય ત્યારે સાધનાનો સમય આવે છે.

આવા માનવીને પર્યુષણ પર્વ પૂછે છે કે તું કોણ છે ? તે શું મેળવ્યું છે ? અને શું પામવાનું તારૂ લક્ષ્ય છે ? દોડધામ કરતો માનવી છેક મૃત્યુ જુએ ત્યારે જીવનનો વિચાર કરવાનો પ્રારંભ કરે છે. એ માનવીને ભૌતિક સમૃધ્ધિની મૂર્છામાંથી જગાડતું પર્વ તે પર્યુષણ પર્વ છે. ચિશ્રુધ્ધિ, હૃદયશુધ્ધિ અને આત્મશુધ્ધિનું આ પરમ પવિત્ર પર્વ છે. અજ્ઞાનમાંથી સમ્યકજ્ઞાન તરફ સ્વહિત ને બદલે પરહિત તરફ અને વિભાવ દિશામાંથી સ્વભાવની દિશામાં લઈ જનારું પર્વ છે. જે સ્વહિતની સાંકડી મર્યાદામાંથી બહાર કાઢીને પરહિતનો વિચાર કરવા માંડે છે, આ માટે પહેલું કામ કરવાનું છે ભાવશુધ્ધિનું. જૈન ધર્મ ભાવનાનો ધર્મ છે.

આથી નમસ્કાર મહામંત્ર કોઈ વ્યક્તિને નહિ પણ અરિહંતને નમસ્કાર કરે છે. અરિહંત એટલે જેણે આંતર શત્રુઓને જીત્યા છે. આ ભાવનાની શુધ્ધિ પર જીવનની વિશુધ્ધિનો આધાર છે. ચિત્તમાં મૈત્રી, મુક્તિ અને ઉપેક્ષા એ ચાર ભાવોને આપણે ધારણા કરવાની છે.

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ

૧૦૩, અશોક હાઈટસ, સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯ ફોન : ૯૧૩૭૩૪૨૮૧૮ / ૨૮૮૭૪૬૩૩
Email : zalawadjainsangh@gmail.com Website : www.zalawadjainsangh.org

## તપસ્વી બહુમાન - શૈક્ષણીક પારિતોષીક - ધ્વજારોહણ આદેશ (પાંચ વર્ષ માટે)

## રવીવાર તા. ૧-૧૦-૨૦૨૩ સં.૨૦૭૯ના ભાદરવા વદ-૨, સવારે ૯.૩૦ કલાકે

**તપસ્વીની માહિતી આપવાની નોંધ**

ફોર્મ નં. ____________

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ મુંબઈ,** તા. : ____________

આ પર્યુષણ - પર્વ પ્રસંગે અમારા કુટુંબમાં નીચે મુજબ તપશ્ચર્યા થઈ છે. તો તેની આપ નોંધ કરશોજી.

(એકજ પરિવારના તપસ્વીઓના નામ સાથે જ આપવા)

| | તપસ્વીનું નામ | ઉંમર | કેટલા ઉપવાસ | સભ્ય સાથેની સગાઈ |
|---|---|---|---|---|
| (૧) | | | | |
| (૨) | | | | |
| (૩) | | | | |
| (૪) | | | | |

તપશ્ચર્યા : ઉપવાસ (૩૧) (૩૦) (૨૧) (૧૬) (૧૧) (૯) (૮) (૭) (છકાઈ) ✓ નિશાની કરવી

વિશેષ વિગત . . . . . . . . . . . . . . . . . . . . . . મૂળવતન . . . . . . . . . . . . . . . .

કયા નામે સભ્ય પદ છે . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

ઘરનું સરનામું : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

ફોન ઓફિસ / ઘર : . . . . . . . . . . . . . . . . . . . . . મોબાઈલ નં : . . . . . . . . . . . . .

તારીખ : . . . . . . . . . . . . . . . . . . . . સભ્યપદ નંબર : . . . . . . . . . . . . . . .

નોંધ આપનારની સહી . . . . . . . . . . . . . . . . . સહી કરનારનું નામ . . . . . . . . . . . . .

**— : ખાસ નોંધ : —**

(૧) **શ્રી સંઘ ઓળખપત્ર**ની ઝેરોક્ષ આ સાથે **ફરજીયાત** આપવાની રહેશે અને એ **૧૬ ઉપવાસથી વધારે ઉપવાસ** કરનાર તપસ્વીએ **પાસપોર્ટ સાઈઝ ફોટો** આપવાનો રહેશે.

(૨) **સિધ્ધિતપ કરેલ તપસ્વીનાંજ ફોર્મ સ્વીકારવામાં આવશે.**

(૩) ઉપરોક્ત ફોર્મ ભરીને **તા.૨૨-૯-૨૦૨૩ સાંજના ૫.૦૦** કલાક સુધીમાં શ્રી સંઘની **અંધેરી ઓફીસ** (ઉપરના સરનામે) **મો.: ૯૧૩૭૩૪૨૮૧૮** અથવા **કાંદીવલી (ઈસ્ટ)** દામોદર વાડી (સમય ૧૧ થી ૫)-૨૮૮૭ ૪૬૩૩

(૪) ક્રમ નં.૩ મુજબ કરવામાં આવેલ વ્યવસ્થાને કારણે અન્ય કોઈપણ જાતની અવ્યવસ્થા ન સર્જાય માટે તપસ્વીઓના નામો ટપાલ દ્વારા કે મોબાઈલ ઉપર નોંધવામાં આવશે નહીં. આ વ્યવસ્થાને આપ સહકાર આપશો એવી નમ્ર વિનંતી છે.

(૫) ભક્તિ બાદ દાતાઓ તથા શ્રેષ્ઠીવર્યોના મંગળ આશિષ પ્રવચનો, તપસ્વીઓનું બહુમાન તથા શિક્ષણ પારિતોષિક વિતરણ કરવામાં આવશે. ત્યારબાદ પાંચ વર્ષ માટે ધ્વજારોહણની ઉછામણી કરી આદેશ આપવામાં આવશે.

(૬) તપસ્વીઓને આગ્રહભરી વિનંતી છે કે બહુમાન પ્રસંગેપોતે ઉપસ્થિત રહે.

**સંપર્ક સૂત્ર : મુકેશ શાહ - ૯૮૬૯૦ ૪૦૧૫૦ / પીયુષ શાહ - ૯૮૨૧૬૧૩૯૮૧ / ભરત એન.કુવાડીયા-૯૮૨૧૬૫૫૯૪૩ / જીતુભાઈ શાહ - ૯૮૨૦૨૭૧૯૨૫**

અભય નવિનભાઈ શાહ

# ફક્ત જૈન મેનું

# કાશ્મીર

અમૃતસર – વૈષ્ણોદેવી સાથે – શિવાય

**હીમાચલ**
ડેલહાઉસી – ધરમશાલા – મનાલી

**ઉત્તરાખંડ**
મસુરી – નૈનીતાલ – કોર્બેટ

**સિક્કીમ**
ગૅંગટોક – પેલીંગ – દાર્જીલીંગ

બેડ ટી થી રાત્રે મસાલા દુધ સુધીની બાદશાહી સરભરા.
આપણા પોતાનાજ રસોડે.
વધુ વિગત માટે આપનું મેલઆઈડી – SMS કરો

## ગુરૂકૃપા ટ્રાવેલ્સ

16- ધર્મપ્રતાપ શોપીંગ સેન્ટર, દામોદરવાડી સામે અશોકનગર,
કાંદીવલી (ઈ), મુંબઈ – 400 101.
Tel. (O) 2884 5416 Mob.: 93244 08369
E-mail : gurukripajainmenu@gmail.com

---

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**LIC Portfolio and Financial Planning**

LIC's PREMIUM POINT
Authorised Premium Collection Centre

- All Company FDs
- All Mutual Funds & Bonds



## CHETAN H. SHAH

MDRT (USA) & CM Club Member

F-43, 1st Floor, Profit Centre,
Mahavir Nagar, Kandivali - W,
Mumbai - 400 067

9820272110 / 40059397

*Insure and be secure*

---

Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

## I. B. Shah
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

---

## Vision OPTICS
SINCE 1991

Opticals & Contact Lenses

9, Laxmi Palace,
80 Feet Road Ghatkopar (East)
Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

[illegible], [illegible] Residency,
Plot No. NDR 22, [illegible],
Chembur (West), Mumbai-400089.
91-22-2528 6161
99305 29352
visionopticschembur@gmail.com

follow us on :

---

Estd.-1931

## J. LALDAS & Company

507, Maulana Azad Road, Near Gol Deval Temple, Mumbai - 400 004.
Tel : 2346 2023 / 66372020

32/M, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2637 4129

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896, Tele Fax : 2634 1275
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar experience bathing | Artize | Jaquar WATER HEATERS | SIAMP

---

## NEW MAHAVIR TRAVELS

**Available Rental Car / Taxi in Surendranagar**

**Innova - Ertiga - Swift Desire**

**Tempo Traveller - EECO**

***Available at Discounted Price***

Contact :

Gautambhai Kothari - 9898166768

Darshanbhai - 8780028856

## સુરેન્દ્રનગર (ઝાલાવાડ) માં જમીન-મકાન

**નીચે જણાવેલ નામધારકો, તેમના વંશ-વારસો, પરિવારજનો તે ઉપરાંત અન્ય કોઈપણ કે જેમના જમીન મકાન કે અન્ય પ્રૉપર્ટી ધારક હોય તેના માટેની કોઈપણ કાર્યવાહી માટે નીચે દર્શાવેલ પોસ્ટબોક્ષમાં વિગત જણાવો.**

**Post Box No. 4021 (૪૦૨૧)**
**નવરંગપુરા પોસ્ટઑફિસ,**
**અમદાવાદ - ૩૮૦૦૦૯.**

**ખાસ નોંધ : વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, લીંબડી, ધાંગધ્રા, ચોટીલા ના કામ નો ઉકેલ ઝડપથી આવે છે.**

(૧) નવનીતલાલ અમીચંદ મણીયાર
(૨) હરિલાલ ત્રિભોવનદાસ
(૩) સરલાબેન બટુકલાલ છોટાલાલ ગાંધી
(૪) મનોરમા પ્રવિણચંદ શાહ
(૫) શાંતિલાલ ત્રિભોવનદાસ દોઢીવાળા
(૬) લીલાવતી જગજીવનદાસ અજમેરા
(૭) રમણીકલાલ તારાચંદ
(૮) અનસોયા (અનસુયા) કેશવલાલ મણીલાલ
(૯) શારદાબેન પ્રાણલાલ સંઘરાજકા
(૧૦) રતીલાલ મોહનલાલ શેઠ
(૧૧) હરખચંદ ત્રિભોવનદાસ દોઢીવાળા
(૧૨) શેઠ હિંમતલાલ મગનલાલ તુરખીયા
(૧૩) પ્રેમચંદ ઠાકરશીભાઈ ગોસલીયા
(૧૪) પરશોત્તમ મગનલાલ દોશી
(૧૫) ધીરજલાલ શંભુલાલ ઉપાધ્યાય
(૧૬) નવિનચંદ્ર ધીરજલાલ પારેખ
(૧૭) ચંપકલાલ રામકૃષ્ણ ભટ્ટ

## પર્વાધિરાજ પર્યુષણ

જેમ ઔષધમાં શ્રેષ્ઠ અમૃત છે, વૃક્ષમાં શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે, તારાઓમાં શ્રેષ્ઠ ધ્રુવનો તારો છે એમ બધા પર્વમાં શ્રેષ્ઠ તથા શિરોમણિ પર્યુષણ પર્વ છે. ક્રોધમાન-માયા-લોભ વગેરે આંતરશત્રુઓને દૂર હટાવનાર-આત્માને નિર્મળ બનાવનાર પર્યુષણ પર્વ પર્વાધિરાજ છે.

પર્યુષણ દરમિયાન પાંચ કર્તવ્યો કરવાનું શાસ્ત્ર-વિધાન છે. આ પાંચ કર્તવ્યો આ પ્રમાણે છેઃ

અમારી પ્રવર્તન : કોઈને મારવું નહિ એટલે કે અહિંસા.

અઠ્ઠમ તપ : સળંગ ત્રણ દિવસના ઉપવાસ કરવા.

ચૈત્ય-પરિપાટી : ચૈત્ય એટલે દેરાસર, દેરાસરે જઈને પ્રભુદર્શન કરવું. ક્ષમાપના : પોતાના દોષોનું પ્રાયશ્ચિત્ત કરીને ક્ષમા માંગવી અને બીજાંઓના દોષોને ઉદાર હૈયે ક્ષમા આપવી.

સ્વામીવાત્સલ્ય : સમાન ધર્મ પાળનાર પ્રત્યે સ્નેહ વહાવવો, તેની સેવા કરવી. જૈનોમાં પ્રતિક્રમણ આવશ્યક કર્તવ્ય ગણાય છે. પ્રતિક્રમણ પાંચ પ્રકારનાં હોય છે.

દરરોજ સવારે ઊઠીને 'રાઈ' પ્રતિક્રમણ કરવામાં આવે છે, જેમાં નિદ્રા દરમિયાન અજાણતાંય પાપકૃત્ય થયું હોય તો તેનું પ્રાયશ્ચિત કરવામાં આવે છે. દરરોજ રાત્રે 'દેવસિ' પ્રતિક્રમણ કરીને દિવસ દરમિયાન થયેલાં પાપકૃત્યોનું પ્રાયશ્ચિત કરવાનું હોય છે. આ ન થઈ શકે તો પાક્ષિક અને ચાતુર્માસિક પ્રતિક્રમણ કરવામાં આવે છે. એ પણ શક્ય ન હોય તો સાંવત્સરિક (વાર્ષિક) પ્રતિક્રમણપર્યુષણના છેલ્લા દિવસે કરવામાં આવે છે. ક્ષમા માંગવા અને ક્ષમા આપવાનું તો જગતનો દરેક ધર્મ કહે છે, પરંતુ ક્ષમાપના માટે જ એક ખાસ દિવસનું આધ્યાત્મિક પર્વ ઊજવવાની પરંપરા માત્ર અને માત્ર જૈન ધર્મમાં જ છે.

જીવન જ્યોત કેન્સર રિલીફ એન્ડ કેર ટ્રસ્ટ છેલ્લાં ૪૦ વર્ષથી બહારગામથી આવતા કેન્સરગ્રસ્ત દર્દીઓ તથા અકસ્માતમાં ઘવાયેલા પશુ-પક્ષીઓ માટે સતત કાર્યશીલ રહ્યું છે. સંસ્થાના સર્વાંગી વિકાસ માટે આપ આપનું યોગદાન. 'જીવનપથ' ના સાધારણ ખાતામાં

**બેંક ઓફ મહારાષ્ટ્ર (ભોઈવાડા બ્રાંચ)**
**ખાતા નં. ૨૦૦૫૯૮૩૭૮૩૭**
**IFSC Code No. MAHB ૦૦૦૦૫૬૩**

## ગઝલ

દેહની દોસ્તીમા તું ભૂલી ગયો છું ભાન
સંસારની મસ્તીમાં તુ ચૂકી ગયો છું ચાલ
બાહ્ય આડંબર થકી તે કેવી બનાવી છે શાન
ભૌતિક સુખને લાલચે તે કદી ન કર્યા દાન...
દેહની દોસ્તી.

ગગનગામી અરે પંખી ! પડયું તું પિંજરા માંત
નથી આ પિંજરૂ તારૂ નકામુ માનમાં તારૂ
ઘડીભર સુખ છે પ્યારૂ ઘડીમાં નાશ થાનારૂ
મિલાવી લે આંખ પ્રભુ સામે નહીં તો થઈ જશે
આંધારુ ....
ગગનગામી

જીવન નો શું ભરોસો છે ઘડીમાં પ્રાણ જાવાનાં
સુંવાળા ખોળિયાની રાખનાં અહિં ઢગ થાવાના
ન કોઈ બોલવા દેશે ન હૃદય ખોલવા દેશે
ન ધાર્યુ કાંઈ થવા દેશે નક્કી અહીં બધુ પડયુ
રહેશે...
જીવન

**સ્વ. રમેશચંદ્ર ચિકાણી દ્વારા લખાયેલી**
ગઝલો માંથી કેટલાંક અંશ


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

**ગાય અને ભેંસનું શુદ્ધ ઘી**



સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર
એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ

હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ

કૃણાલઃ ૭૨૨૧૦૭૨૧૦૭







## સત્સંગ

'સત્સંગ' શબ્દ ખૂબ ચિંતનીય તથા આદરણીય છે તે અર્કરૂપ છે. સત્ અને સંગ એ બે શબ્દનો સુંદર સુમેળ થે. સત્ એટલે જેનો કદી અભાવ થતો જ નથી જે શાશ્વત છે. તે સર્વના અંતર આત્મા કે પરમાત્મા ને માટે વપરાય છે અને સંગ એટલે તેથી સાથે જોડનાર સેતુ રુપ ગણી શકાય, જે પરમાત્માનો સંગ કરે છે. અભાવ રહીત તત્ત્વનો સંગ કરે છે તેજ 'સત્સંગ' કરે છે. તે તત્વમાં જોડાણ કેમ થાય ?

વર્ષમાં એક જ વખત આવતા પર્યુષણ મહાપર્વ દરમ્યાન આપે જપ, તપ, ધર્મ આરાધના વિશેષ રુપે કરીએ છીએ. આ દિવસોમાં વાણી વિલાસ નો વિષય ન બનાવતા જીવનમાં વણવાનો પ્રયાસ કરશો તોજ યથાર્થ વ્યાખ્યાન કે 'સત્સંગ' કર્યો છે તેમ જાણવું/સમજવું.



ધાંગધ્રા
હાલ અંધેરી નિવાસી

**શારદાબેન છોટાલાલ બાલચંદ ગાંધી**

**શ્રી સંઘને ભેટ**

| | | |
|---|---|---|
| કેળવણી | – | ૧૦૦૨/– |
| સાધર્મિક | – | ૧૦૦૨/– |
| સાધારણ | – | ૧૦૦૨/– |
| સમુહ લગ્ન | – | ૧૦૦૨/– |
| જીવદયા | – | ૧૦૦૨/– |

કુલ રૂા. ૫૦૧૦/– શ્રી સંઘને ભેટ આપેલ છે.

।।શ્રી મહાવીરાય નમઃ।।

# વેરનાં કરીએ વળામણાં....

વેરના કરીએ વળામણાં,

ચાલો કરીએ ખમતખામણાં,

પર્વનાં થયા છે પધરામણાં,

એના કરીએ વધામણાં,

સૌની જોડે મૂકીએ રીસામણાં,

પાસે જઇને કરીએ મનામણાં,
થયા છે ઓળખીતા અળખામણાં,
ક્ષમા માંગી લઇએ તેમના ભામણા,
ખોલી મનનાં બંધ બારણાં,
પ્રીતે ભેગા કરીએ પારણા,
વેરના અંજામ બિહામણા,
ક્ષમા દે શુભ ધામ સોહામણા,
ભાવ વિનાના ખમત ખામણા,
શાસ્ત્રો કહે છે છેતરામણા,
પ્રભુવીરના આ પહેરામણાં, રે !
જીવ છે તારણતારણાં..



### શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મૂ.પૂ. સંઘ – મુંબઈ

## ખાસ અગત્યની નોંધ

**ઝાલાવાડના અગ્રગણ્યો શ્રેષ્ઠીઓને એવોર્ડ આપવા બાબતમાં કોઈપણ સભ્યએ વોટસઅપ ઉપર ભલામણ માટે કોઈના નામ ન મુકવા અને શ્રી સંઘ ટ્રસ્ટી, હોદ્દેદારો–મંડળ પદાધિકારીઓને ગત બન્ને મિટીંગમાં જણાવેલ છે. તે પ્રમાણે જ્યુરીના સભ્યશ્રી મહેન્દ્રભાઈ કામદાર ને જ વ્યક્તિગત લેટરહેડ પર અથવા મંડળ લેટરહેડ પર લખી ભલામણ કરવી. ફરી વોટસઅપમાં કોઈપણ સમાજના અગ્રગણ્ય વ્યક્તિએ તો આવું ન જ કરવું જોઈએ.**

## માર્મિક ધર્મ

| | | |
|---|---|---|
| મંદિર | : | મનને દુરસ્ત કરવા કાજે |
| પૂજા | : | મા-બાપને પૂજવા કાજે |
| સેવા | : | દીન-દુઃખીયાની કરવા |
| ચૈત્યવંદન | : | સત્-જનોને વંદવા કાજે |
| સામાયિક | : | આંતર સમતા પામવા કાજે |
| પ્રતિક્રમણ | : | બાહ્ય આક્રમણ ખાળવા કાજે |
| માળા | : | મહાવ્રતોના જાપ જપવા કાજે |
| ધર્મિષ્ઠ | : | ધર્મ પામવાની ઈચ્છા કાજે |
| શ્રદ્ધા | : | આત્મબળ વધારવા કાજે |
| સ્વાધ્યાય | : | આત્મચેતના જગાવવા કાજે |
| અધ્યાત્મ | : | સહુનું કલ્યાણ ભાવવા કાજે |
| સમર્પણ | : | હું-મારું બધું જ ભૂલવા કાજે |
| ધર્મ (ધર્મ) | : | મ(આત્મા)ને ધરવાને કાજે |
| સાધના | : | જીવને શિવ બનાવવા કાજે |
| સમાધિ | : | પૂર્ણ પરમમાં ભળવા કાજે |


– પરાગ શાહ

# દાન ધર્મની જવલંત જ્યોતિ

દાન ધર્મની જવલંત જ્યોતિ જગમાં નિશદિન જલ્યા કરે,

ટમટમ થાતા દીવડાઓને, નવી જીંદગી મળ્યા કરે.
તરફડતા અને તરસ્યા જીવ પર વત્સલતાની વૃષ્ટિ હો,
દુઃખડા એના દૂર કરવાની, દાતાઓની દ્રષ્ટિ હો,
અદકું પામે અન્ય થકીને, અંતરમાં હો ઉદારતા,
વધુ મળ્યું તે વહેંચી દેવું, વર્તનમાં હો વિશાળતા,
શુભ કાર્યોમાં ખરચે એની, શક્તિ દિન દિન વધ્યા કરે.
પ્રિત છલકતા પરમારથના, પૂર હૃદયમાં ચઢયા કરે.
દિલના રંગે દાન કરે જે, તે માનવને ધન્ય હજો,
આતમને અજવાળે એવું, પાવન એનું પુણ્ય હજો.

''સાંભળનારા લાખો છે,
સંભળાવનારા હજારો છે,
સમજનારા સેંકડો છે,
પણ આચરનારા તો.....
આંગળીને વેઢે ગણાય એટલા જ હોય.''



Rajesh Shah
+91 - 9820518767

MARKO™
Write with pride...

Nimit Shah
+91 - 8976179249



# NILRAJ ENTERPRISES

★ MFG OF - Ball Pens & Roller Ball Pens ★

★ CONTACT US ★

13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
✆ - 022 - 28070424
Website : www.markopens.com

---

Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510

Jai Jinendra

(O) : 0265 - 2422411
98250 42266

# SULSA TRAVELS

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS
All Vehicles Available in A/C & NON A/C



E-MAIL : sulsatravels@gmail.com
Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara

---

કાયમી સંપર્ક: નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ
સુકેતુભાઈ (જોરાવરનગર)

મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ /૦૯૦૯૯૯ ૨૨૪૨૬

ફોન: (૦૨૭૫૨) ૨૨૨૫૮૯

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

**નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)**

(ગ્રુપ બુકીંગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુકીંગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલ્બધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.

---

*Bhavin Shah* *Jaymin Shah* *Rohan Shah*

# GAUTAM STEEL INDUSTRIES

*Mfg. and Stockist in :-*

S.S., M.S., Brass, High Tensils Bolt, Nut, Washer, Spring Washer, C.S.K, Allen Cap, Grub, Stud, Rivet, Coach Screw, Cotter Pin, Wing Nut, Nylone Nut, Lock Nut etc.

131, Narayan Dhuru Street, G.Floor, Pydhonie, Mumbai - 400 003.
Phones : (O) 2341 5814 / 2342 4025 / 2343 4014 (R) 2885 0621 / 28017611
♦ ♦ ♦
Gala No. 4/7, Janki Indl. Estate, Plot No.10/B, Near K.T.Indl. Park
Gorai Pada, Vasai (E), Thane - 401 208
Email : gautamsteelind2@gmail.com

---

**Pradeep Shah** - 97695 36312 / 99693 88114

# Anmol Electricals

*Dealers in:* **All kinds of Electricals Goods & LED Lights & Panels**

*Stockist of :* **Accessories of Anchor, elle, elleys', GM Hifi Modular Range. Fancy LED Lights & LED Panels**

Shop No. 103, Gr. Floor, Govind Nivas, 99 -103, Lohar Chawl,
Mumbai - 400 002.
Tel : 22065215 / 39567162 ◆ Tele Fax : 30037162
**Email :** anmolelectricals162@gmail.com

---

જનરેશન ગેપ ?

સાસુ-વહુ વચ્ચે,
બાપ-દિકરા વચ્ચે,
મા-દિકરી વચ્ચે તો
સમજ્યા, પણ
પતિ-પત્ની વચ્ચે ક્યાં છે
જનરેશન ગેપ ?
તો કેમ નથી બનતું ??

- પૂ.આ.શ્રતિવજયરત્નસુંદર
સૂરીસ્વરજી મ.સા.

---

Hasmukh Sheth Chetan Sheth
98208 58125 98201 44214
Tel. : 2614 8864 Tel.26125440

**M.K.ENTERPRISES**

*Distributors :*
Polo Kitchenware
Polo Thermoware
All Time Houseware Item
Gift Articles

1, Amrat Apartment,
Bajaj Road,
Nr. Railway Station,
Vile Parle (W),
Mumbai - 400 056.

---

**Hitesh Shah** B.E.(Civil) 98703 29171
**Prashant Shah** L.C.S.E., B.E.(Civil) 98212 05796
**C. V. Shah** B.Com., L.L.B. 8369110721

Konam Enterprises
CONSTRUCTION & INTERIORS

403 Matru Prabhu Co-op. Hsg. Soc., Kirol Road,
Kama Lane, Ghatkopar (W), Mumbai - 400080.
Email : Konam91@hotmail.com

---

એવરગ્રીન કોર્પોરેશન

**Evergreen Corporation**

હાર્ડવેર અને ટુલ્સના વેપારી
૨૪, ફીદા મેન્સન,
ઉજે માળે, બીબીજાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩.

—: ઓફિસ :-
Contact No.
**022 - 40021946 / 23443591**
E-mail : evergren@rediffmail.com
lalit46@gmail.com

।। શિવાદેવી નંદન બાવીસમા તીર્થપતિ શ્રી નેમિનાથાય નમ:।।
।।નૈષ્ઠિક બ્રહ્મચારી મહાપુરુષ પ.પૂ.આ.દે.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાને નમન।।

## વિશેષણ બોલનારને બોલતાં જ અધવચ્ચે અટકાવી દેતા
### બ્રહ્મચર્ય વિશુદ્ધિતાદિ અનેકગુણ શણગાર
## પ.પૂ.પં.પ્ર.શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજાના શિષ્યોત્તમ
### તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી વિજય ધર્મરક્ષિતસૂરિજી મહારાજાના શિષ્યરત્ન
## ભીષ્મ તપસ્વી પ.પૂ.આ.ભ.શ્રી વિજય હેમવલ્લભસૂરિજી મહારાજાના
### સમુજ્જવળ જીવનથી આપણે પરિચિત છીએ ?

## આ છે પૂજ્યશ્રીનો આછેરો પુણ્ય પરિચય...

- ઉંમર વર્ષ 61
- દીક્ષા પર્યાય 35 વર્ષ
- દીક્ષા દિવસથી આજીવન ત્યાગ :
  દરેક લીલોતરી, બદામ સિવાયનાં ડ્રાયફ્રૂટ, કેળા સિવાયનાં ફ્રૂટ, તળેલી વસ્તુઓ, ફરસાણ, દૂધ અને મીઠાઈ.
  (આપણને વિચાર આવે ખરો ? કે છૂટમાં બાકી શું રહ્યું ?)
- દીક્ષા દિવસથી અત્યાર સુધીમાં 250 એકાસણાં.
- જીવનમાં લગભગ 1600 ઉપવાસ.
- હાલે (સળંગ 27 વર્ષથી) અખંડ 9500 થી અધિક
  આયંબિલ સાથે (100 + 100 + 56 મી વર્ધમાન તપની ઓળી ચાલુ.) કુલ્લે 11000 ઉપર આયંબિલ
- શ્રી શત્રુંજયની લગભગ ૪૦૦ ઉપરાંત યાત્રા.
- શ્રી ગિરનારની લગભગ ૩૫૦૦ ઉપરાંત યાત્રા.
- અજોડ તપસ્વી અને એવા જ સંયમી પ.પૂ.આ.દે.શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજાની સેવા-વૈયાવચ્ચ અર્થે ગુરુવચન તહત્તિ કરીને અજોડ તપસ્વીની છેલ્લે સુધી લાગલગાટ 13 વર્ષ પર્યંત શિષ્ય કરતાં સવાઈ સેવા વૈયાવચ્ચ કરીને તેઓશ્રીની સમાધિમાં પ્રાણપૂરક બન્યા.
- શ્રી ગિરનાર મહાતીર્થના ઉત્કર્ષ અને વિકાસ માટે ગિરનાર મહાતીર્થની છત્રછાયામાં સ્થિરતા કરીને છેલ્લા 15 વર્ષથી વિશ્વ માત્રમાં અનેક અનેક જૈનોને મહાતીર્થ અને શ્રી નેમિનાથ પ્રભુ પ્રત્યે ઘેલા કર્યા.
- પૂજ્યશ્રીનું ચાલુ વર્ષનું ચાતુર્માસ સૌ પ્રથમવાર માદરે વતન વઢવાણ નગરે છે.

અ હ ર્નિ શ વં દ ના

## એક નજર આ તરફ પણ;

- વર્તમાનમાં કે વર્ષોના ઈતિહાસમાં આજીવન પચ્ચક્ખાણ સાથે છેલ્લા ૨૭ વર્ષથી સળંગ આયંબિલ કોઈના થયાં છે ?
- જેઓશ્રીની સ્વસ્થતાને જોઈને ડૉક્ટરો પણ વિચારે છે, કે દૂધ-ઘી-ફ્રૂટ-ડ્રાયફ્રૂટ-મીઠાઈ-શાકભાજી વગર આટલી સ્વસ્થતા કેવી રીતે ટકી શકે ? વળી, અમારા સાયન્સ માટે આ એક પડકાર જનક છે. (આજે પણ જેઓશ્રીનું હિમોગ્લોબિન ૧૪ થી અધિક છે)
- માત્ર લુખ્ખા-સુક્કા ભોજનથી પણ હંમેશા સહજ આનંદને માણતા પૂજ્યશ્રીને નિહાળી વિગઈઓના ભરપૂર ભોજન કરનાર આપણને કંઈ વિચાર આવે ખરો ?

અ હ ર્નિ શ વં દ ના

''શ્રી વર્ધમાનપુરીમંડન આદિનાથાય નમઃ''
''શ્રી શામળા પાર્શ્વનાથાય નમોનમઃ''
''શ્રી મહાવિરાય નમોનમઃ''
''શ્રી મણિભદ્રવિરાય નમોનમઃ''
આનંદ ભયો અતિ આંનદ ભયો
વર્ધમાનપુરી નગરી એ આનંદ ભયો..

વર્ધમાનપુરી એટલે કે પ્રભુ મહાવીર દ્વારા વિચરણ જ્યાં થયું તે પાવન ભૂમિ... જબુંદરિપ ક્ષેત્રે,આર્યવર્ત ખંડે અસ્થિગ્રામ નગરીએ એટલે કે વર્ધમાનપુરી આજનું વઢવાણ નગર માં પુણ્યભુમી ના પુણ્ય અને આપણા કોઈક પૂર્વ જન્મ ના પુણ્યકર્મો ના પુણ્યબળે એક નહિ બે બે વર્તમાન કાળના મહાતપસ્વી એવા આજીવન આયમબીલ વ્રતધારી, ગુરુઆજ્ઞા શિરોમણી, યુગ દિવાકર ગિરનાર તીર્થોદ્ધારક, સહસાવન તીર્થ રક્ષક એવા પરમ પૂજનીય આચાર્ય શ્રી હેમવલ્લભસુરી મહારાજ તથા ઓળી વ્રત ના મહા તપસ્વી પરમ પૂજનીય સાધ્વીજી હંસકીર્તિ મહારાજ સાહેબ ની નિશ્રામાં આગામી પયૂષણ પર્વ નિમિત્તે ચાતુર્માસ નો જયઘોષ આજ સવારે આચાર્ય ભગવંત દ્વારા સંઘ ની વિનંતી નો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો અને અષાઢ સુદ ૩ ને બુધવાર ના દિવસે નગર પ્રવેશ કરવમાં આવશે.

આપણા અહોભાગ્ય છે કે વર્તમાનકાળ માં આપણા જેવા નાના સંઘ ને આ દિવ્ય અવસર મળ્યો છે. આ આપણા સંઘ ના પુણ્યોદય છે. આ ચાતુર્માસ વઢવાણ જૈન સંઘ ના ઇતિહાસ માં સુવર્ણાક્ષરે લખાશે.

કલિકાળ માં ગુરુ નું શરણ મળવું બહુ મુશ્કેલ છે. આપણા પુણ્યકર્મો નો ઉદય હશે કે આવા દિવ્ય તપસ્વી ગુરુવર આપણા આંગણે ચાતુર્માસ કરશે. જેને પામવા કે મળવા માણસો દૂર દૂર થી ગિરનાર મુકામે જતા હોય છે. તે દિવ્ય વિભૂતિ આપણા આંગણે પુરા ચાતુર્માસ દરમ્યાન હાજર હશે. વર્તમાન કાળ માં ગિરનાર જવા વાળા યાત્રાળુઓ માં એક લોકવાયકા પ્રચલિત છે કે.. ગિરનાર ની યાત્રા કરી આવો અને પ.પૂ. આ. શ્રી હેમવલ્લભસુરી મહારાજ ના દર્શન ના કરો તો જાત્રા અધૂરી છે. એ ગિરનાર તીર્થોદ્ધારક આજ આપણી વર્ધમાનપુરી ની ધરતી પર છે. આવી દિવ્ય વિભૂતિ ના દર્શન માત્ર થી જીવનની દિશા બદલાઈ જાય છે. આજ પ.પૂ. પન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખર મહારાજ ની છબી તેમના દિવ્ય વિચારો ની આભાવૃષ્ટિ શ્રી આચાર્ય ભગવંત હેમવલ્લભસુરી મહારાજ માં દ્રષ્ટિમાન થાય છે. જેમના પર શ્રી હીમાંશુસુરીશ્વરજી મહારાજ ની સદા કૃપાદ્રષ્ટિ વિચરમાન છે. એવા આ તપસ્વી મહારાજ ની નિશ્રામાં ચાતુર્માસ આપણાં માટે એક દિવ્ય સોનેરી સુવર્ણકાળ સમાન સમય છે. આ દિવ્ય સમય નો વધુમાં વધુ સમય આપણે ધર્મમયી બની આપણાં પુણ્યકર્મો માં વધારો કરી શાસનસેવા ને દીપાવી તેવા કાર્યો માં તમામ સંઘ ના શ્રાવક શ્રાવિકા તન મન અને ધન થી સહયોગી બની અને એ કાર્ય કરવાની શક્તિ આપણને શાસનદેવ અને ગુરુદેવ બક્ષે તેવી અભ્યર્થના....

આપણે તો અજ્ઞાની નશ્વર મનુષ્ય માત્ર છીએ. જ્ઞાન ઉપાર્જન નું સૌથી મોટું માધ્યમ વ્યાખ્યાન, ચર્ચા મીમાંસા છે. આ ચાતુર્માસ દરમ્યાન તમામ શ્રાવક શ્રાવિકા મોટી સંખ્યા માં હાજર રહી વ્યાખ્યાન નો લાભ લેવા મારી નમ્ર વિન્નતી છે. જો આ મોકો ચુકી ગયા તો અફસોસ જીવનભર રહી જશે....

જિન આજ્ઞા વિરુદ્ધ કે ગુરુ આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ''મિચ્છામિ દુક્કડમ''

।। જૈનમ જયતિ શાસનમ ।।

## શુભ વેવિશાળ.....

શ્રી સંઘના આશીર્વાદ

| | | વર પક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| ચિ. ધર્મિલ    ચિ. ઇશા | | | |
| શ્રી અશ્વિન કેશવલાલ શાહ, ગોરેગામ | કેળવણી | ૩૦૦ | ૩૦૦ |
| હાલ સુરેન્દ્રનગરના સુપુત્ર | પત્રિકા | ૩૦૦ | ૩૦૦ |
| શ્રી કુમાર મનસુખલાલ શાહ, ભાવનગર | સાધર્મિક | ૩૦૦ | ૩૦૦ |
| હાલ સાયનની સુપુત્રી | યાત્રિક ભવન | ૩૦૦ | ૩૦ |
| | ભોજનશાળા | ૩૦૦ | ૩૦૦ |

| | | | |
|---|---|---|---|
| ચિ. જય    ચિ. ડિમ્પલ | | | |
| શ્રી હસમુખભાઇ ઘેલાભાઇ કોઠારી, | પત્રિકા | ૧૦૧ | ૧૦૧ |
| ચોટીલા હાલ કાંદીવલીના સુપુત્ર | સાધર્મિક | ૩૫૦ | ૩૫૦ |
| શ્રી મહેશભાઇ હિંમતલાલ દેસાઇ, મોટી | જીવદયા | ૫૦૦ | ૫૦૦ |
| કુડાવા હાલ મીરા રોડની સુપુત્રી | | | |

### વ્હાલાની વસમી વિદાય વેળાએ............
### ભાવભરી શ્રધ્ધાંજલી ઓગષ્ટ ૨૦૨૩

| નામ | મૂળ વતન | વિસ્તાર |
|---|---|---|
| સુનીતા દીપકભાઇ કોઠારી | ધાંગધ્રા | - |
| કુસુમબેન ભુપેન્દ્રભાઇ શાહ | વિંછીયા | - |
| મનોજભાઇ ચીમનલાલ મહેતા | વઢવાણ | - |

### જન્મદિવસ ની શુભેચ્છા

| | | |
|---|---|---|
| શ્રી મેહુલ ધીરજલાલ શાહ | ૫ ઓકટોબર | ૯૨૨૪૪૨૧૭૮૮ |
| શ્રી અતુલભાઇ મુળજીભાઇ શાહ | ૧૬ ઓકટોબર | ૯૮૨૦૧૨૦૧૦૭ |


### શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ
ઝાલાવાડ જૈન દર્શન માસિક પત્રિકા
-ઃ જાહેરખબરના દર ઃ-

છેલ્લુ કવર પેઇજ (આર્ટ પેપર) ફોરકલર એક વખતના .........રૂ.૮૦૦૦/-
અંદરના કવર પેઇજ નં. ૨ તથા ૩ (આર્ટ પેપર) એક વખતના ..રૂ.૭૦૦૦/-
કલર પ્રીન્ટીંગ - એક ફુલ પેઇજ - એક વખત ....................રૂ.૫૫૦૦/-
કલર પ્રીન્ટીંગ - અડધા પેઇજ - એક વખત ......................રૂ.૨૮૦૦/-
અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ફુલ પેઇજ એક વખતના........રૂ.૩૦૦૦/-
અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર હાફ પેઇજ એક વખતના .......રૂ.૧૮૦૦/-
અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ક્વૉટર પેઇજ એક વખતના ...રૂ.૧૦૦૦/-
અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ૧/૩ પેઇજ એક વખતના .......રૂ.૧૨૦૦/-
એક યુનિટ એક વખતના .........................................રૂ.૬૦૦/-
એક યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) ..............................રૂ.૨૦૦૦/-
બે યુનિટ એક વખતના ..........................................રૂ.૫૦૦/-
બે યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) ...............................રૂ.૪૮૦૦/-


### સુધારો

ગત માસ ઓગસ્ટ ૨૩ માં પાના નં. ૧૩ ઉપર મહેતા પરિવારનું ગૌરવ ચિ. ક્રેયા ને કેળવણી સહાયમાં રૂા. ૧૧૦૦/- ને બદલે રૂા. ૧૫૦૦/- સંઘને ભેટ આપેલ છે.



## શ્રી વિનોદભાઇ તારાચંદ શેઠ ની

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશનના ચેરમેન પદે નિયુકિત.....

### શુભેચ્છાઓ.....અભિનંદન.....અભિવાદન

ચુડા નિવાસી હાલ મુંબઇ જુહુ સ્કીમમાં રહેતા શેઠ શ્રી તારાચંદ પોપટલાલ શેઠ પરિવારના મોભી શ્રી વિનોદભાઇ તારાચંદ શેઠનો જન્મ ૧૯૪૭ માં થયો હતો, ગ્રેજ્યુએશન સુધીનો અભ્યાસ સુરેન્દ્રનગરમાં પૂરો કર્યો હતો તે દરમ્યાન તેમને ત્રણ પેઢીનો ઔધોગીક વારસો મળેલ છે. તેઓના દાદાશ્રી પોપટલાલભાઇ ખુબજ સ્વમાની તથા વ્યવસાયે કુશળ અને જાણકાર કોટન મર્ચન્ટ હતા, તેઓ ઉધોગ સ્થાપવાની પ્રબળ ઇચ્છા ધરાવતા હતા.

કોલેજ કાળના અભ્યાસ દરમ્યાન ઉધોગની સ્થાપના વિશેનું પ્રેક્ટીકલ જ્ઞાન તેમજ વેપારી નિપુણતા જીવન વિશેના સામાજીક સંસ્કાર તથા સામાજીક સેવાના વિશેષ ગુણો પૂજ્ય પિતાશ્રીની હાજરીમાં અને નિગ્રાહમાં મેળવ્યા હતા. આ સમયમાં વામનમાંથી વિરાટ બનવાની જાણકારી અને કળા શીખવા મળી ત્યારબાદ મદ્રાસમાં ૨ વર્ષની વેપાર ઉધોગની ટ્રેઇનીંગ મેળવી પ્રખર ઉધમી બન્યા.

તેમની ઉદાર દિલાવરી અને ઉમદા વિચારો થકી જૈન સમાજની વિવિધ સંસ્થાઓના પાયામાં મોટી રકમના દાન થકી થયેલ શુભ કાર્યો.......

૧) જૈન જાગૃતિ વિધા વિકાસ – અમદાવાદ
૨) સુલભ હાર્ટકેર ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી – અમદાવાદ
૩) ઝાલાવાડ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી – અમદાવાદ
૪) શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન મુંબઇ ના વાઇસ ચેરમેન તરીકેની અભૂતપૂર્વ સેવા.
૫) શ્રી ઝાલાવાડ ગ્લોબલ ચેરીટેબલ ટ્રસ્ટ – મુંબઇ – ચેરમેન
૬) જુહુ સ્કીમ જૈન સંઘ – ટ્રસ્ટી
૭) જિતો – જુહુ ચેપ્ટર – ફાઉન્ડર ચેરમેન
૮) મેરૂ ધામ તિર્થ – ગાંધીનગર – મુખ્યદાતાશ્રી
૯) જુહુ સ્કીમ જૈન સંઘ નૂતન ઉપાશ્રય – મુખ્યદાતા
૧૦) શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશન ધ્વારા ચાલતી વિવિધ યોજના જેમકે મની ઓર્ડર સ્કીમ, કીમો થેરપી સ્કીમ ના આધાર સ્તંભ
૧૧) માદર વતન ચુડા ગામમાં પૂ. માતુશ્રી લલિતાબેન તારાચંદ શેઠ વિવિધલક્ષી વિધાલય – સ્કુલ તથા પાંજરાપોળ કેળવણી મંડળમાં સક્રિય ટ્રસ્ટી તરીકેની અનુપમ સેવા બજાવી રહ્યા છે.

જૈન સમાજની પ્રગતિમાં નાના મોટા દરેક કાર્યોમાં પોતે જવાબદારી લઇને અગ્રગણ્ય સિંહફાળો આપીને પોતાની સમાજપ્રત્યેની નિષ્ઠાપૂર્વક કર્તવ્ય બજાવી રહ્યા છે.

જૈન સમાજની પ્રગતિ માટે ઉત્કૃષ્ટ વિચારો ધરાવતા તેમજ ઉદારદિલ મન ધરાવતા તેમજ થનગનાટ અનુભવતા ૭૬ વર્ષના યુવાનની કાર્યશકિત ધરાવતા, કર્મનિષ્ઠ શ્રી વિનોદભાઇ તારાચંદ શેઠ, શ્રી ઝાલાવાડ ફાઉન્ડેશનના ચેરમેન પદે નિયુક્ત થયેલ છે જેથી શ્રી ઝાલાવાડ સમાજની દરેક સંસ્થાઓ આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.ઇશ્વર આપને શકિત આપે, આપના હસ્તે સમાજ કલ્યાણના સુંદર કાર્યો થતા રહે અને સમાજમાં આપના સુકૃત્યની સુવાસ ફેલાતી રહે એજ સદ્ભાવના.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂર્તિપૂજક સંઘ - વિલેપાર્લા**

REGISTERED WITH THE REGISTRAR OF NEWS PAPER FOR INDIA UNDER R.N.I. NO. MAHBIL/2021/80571 LICENCE TO POST WITHOUT PRE-PAYMENT UNDER WPP LICENCE NO. MIR/TECH/WPP-220/SOUTH/2021-23 POSTAL REGISTRATION NO. MCS/132/2021-2023 PUBLISHED ON 10TH OF EVERY MONTH AND POSTED AT MUMBAI PATRIKA CHANNEL SORTING OFFICE ON 10TH & 11TH OF EVERY MONTH

# વેવિશાળની વિકટ સમસ્યાનો ચાલો સાથે મળી ઉકેલ શોધીએ



શ્રી સંઘે આવતા નવેમ્બર ૨૦૨૩ નો ''ઝાલાવાડ જૈન દર્શન પત્રિકા'' નો ''વેવિશાળ અંક'' સ્પેશ્યલ અંક પ્રકાશિત કરવાનું નક્કી કરેલ છે. આ અંક નવેમ્બર ૨૦૨૩ માં પ્રકાશિત થશે. આ અંકમાં વધુમાં વધુ ૮૦ બાયોડેટા સમાવવાની અમારી ગણતરી છે. મલ્ટી કલરમાં ૪૦ પેઈજ આ માટે ફાળવેલ છે. જેમાં ફૂલ પેઈજ, ૧/૨ પેઈજ તથા ૧/૩ પેઈજ લેવામાં આવશે. આ અંક કુલ ૫૨ પાનાનો થશે. જેમાં ૪૦ (ચાલીસ) પેઈજ આ માટે રીઝર્વ રાખેલ છે.

આપ જો આ અંકમાં આપના દીકરા/દીકરીનો બાયોડેટા છપાવવા ઈચ્છતા હો તો આપ આવો બાયોડેટા અમોને તા.૨૦-૧૦-૨૦૨૩ સુધીમાં મોકલી આપશો. આપે આપના બાયોડેટાની સાથે રૂા. ૫૫૦૦/- કે પછી રૂા. ૩૦૦૦/- કે પછી રૂા. ૨૦૦૦/- નો ચેક આપવાનો રહેશે. રોકડ પેમેન્ટનો બદલે ચેક મોકલવા વિનંતી. ચેક Shree Zalawad Jain S.M.P. Sangh ના નામનો મોકલવો. અને બાયોડેટા ઈમેલથીજ લેવામાં આવશે.

Email : zalawadjainsangh@gmail.com

## સંપર્ક

(૧) **ઝાલાવાડ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ઓફીસ :**
૧૦૩, અશોક હાઈટસ, સરસ્વતી ટાવર સામે, ઓફ જુના નાગરદાસ રોડ, ભુતા હાઈસ્કુલ પાસે, અંધેરી (ઈસ્ટ), મુંબઈ -૪૦૦૦૬૯. **મો.: ૯૧૩૭૩૪૨૮૧૮**

(૨) **દામોદરવાડી ઓફીસ**
(સવારના ૧૦.૩૦ થી ૫.૩૦) અશોક ચક્રવર્તી રોડ - કાંદિવલી (પૂર્વ), **ફોનઃ ૨૮૮૭૪૬૩૩**



**મુકેશ શાહ : ૯૮૬૯૦૪૦૧૫૦ • દિપક ગાંધી : ૯૮૨૦૧૫૦૫૨૦**

**નોંધઃ**

- ૪૦ પાનાં (પેઈજ) જેટલા બાયોડેટા આવ્યા પછી કોઈનો પણ બાયોડેટા સ્વીકારવામાં નહિ આવે તેની નોંધ લેવા વિનંતી
- જાહેરખબર આપનારને - જો સભ્ય નહિ હોય તો અને કદાચ પોસ્ટની બેદરકારીને કારણે અંક નહિ મળે તો રૂબરૂ મળવાથી માત્ર નવેમ્બર ૨૦૨૩નો અંક વિના મૂલ્યે આપવામાં આવશે.
- શ્રી સંઘના આજીવન સભ્ય પરિવારો, મુંબઈના પત્રિકા મેમ્બરો અને બહાર ગામના મળી કુલ ૪૭૦૦ પરિવારોને આપની માહિતી પહોંચશે.

Printed & Published by : Ketan Arvind Shah on Behalf of Shree Zalawad Jain Swetamber Murtipujak Sangh, Printed at : LUCKY PRINTERS, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shree Zalawad Jain S M P Sangh, 175, Vallabhdas Kanji Bldg., 2nd Floor, Princess Street, Kalbadevi, Mumbai - 400 002. Editor : Mukesh Uttamchand Shah